## આપનું સપ્તાહ કેવું જશે? તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૧૧/૨૦૨૫ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીક તમારા મહત્ત્વના કામ પૂર્ણ કરવા માટે અનુકૂળ છે. સામાજિક પ્રતિષ્ઠા વધે. જીવનસાથી પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય તેમજ તમારી સમસ્યાના સમાધાનમાં મદદ મળે. આર્થિક બાબતે અનુકૂળતા રહે. તેમજ મિલકત વગેરેના સોદા થાય. નવા વેપાર ધંધા માટેની યોજના બને. નવી ઓફિસ, મકાન ખરીદવાની તક મળે. વિદ્યાર્થીઓની અશાંતિ વધશે. પ્રેમમાં ગેરસમજ થાય. નોકરીમાં સહકાર મળે. આરોગ્ય સામાન્ય રહે.

**વૃષભ (બ.વ.ઉ.)** ચાલુ વીકમાં સંતાનોના અભ્યાસ અને કેરિયરની સમસ્યાનું નિરાકરણ આવવાથી રાહત થાય. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થઇ શકે. તમારા કામની કદર થાય. પ્રમોશન કે પગારવધારો થાય. દલાલી, ભાડાં વગેરેની આવક વધે. ટેકનોલોજીનો લાભ મળે. નોકરીમાં સહકર્મીઓ સાથે તાલમેળ રાખવો અને વડીલોની સલાહ માનવી. મોજશોખના ખર્ચા અને પ્રવાસ ટાળવા. મિત્રો, પ્રિયજન સાથે ગેરસમજ થઇ શકે.

**મિથુન (ક.છ.ઘ.)** ચાલુ વીકમાં નકારાત્મક અને હિતશત્રુઓ પાછળ સમય બગાડવો નહીં. ગુપ્ત ભય સતાવશે. સંતાન-જીવનસાથીની ચિંતા રહે. વિદેશના કામમાં ગતિ આવે. નોકરીમાં આત્મવિશ્વાસ વધશે. અટકેલાં કામ હાથમાં લેવાથી પાર પડશે. ક્રિએટીવ અને સકારાત્મક વિચારોથી નવી દિશા મળે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નવાં રોકાણોથી લાભ થાય. પારિવારિક વ્યવસાય ધંધામાં આવક વધશે. અચાનક સફળતા મળી શકે છે.

**કર્ક (ડ.હ.)** ચાલુ વીકમાં પોતાના વિચારો બીજા સાથે શેર કરતાં સાવધાની રાખવી. અચાનક ખર્ચા આવી શકે છે. રોમેન્ટીક સંબંધોનું ધ્યાન રાખવું. ટેકનોલોજી વિષે નવું શીખવાનું મળશે. નોકરીમાં નવી તક મળે. આરોગ્ય સુધરે. સમાજમાં માન વધે. ઉપરી વર્ગનો સાથ મળે. સંતાન-વડીલો અને ઘરની સમસ્યાનું નિરાકરણ આવી શકે છે. વાદ-વિવાદથી દૂર રહેવું. અચાનક કોઇ નવા લાભ કરતાં કરાર થાય.

**સિંહ (મ.ટ.)** ચાલુ વીક કોઇ મોટા પ્રોજેક્ટની જવાબદારી મળે તેમજ મોટું રોકાણ કરવાની તક મળે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય તેમજ તેમના સામાજિક પ્રશ્નો હલ થાય. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. માનસિક પીડા વધશે. ગુપ્ત શત્રુઓ પરેશાન કરશે. નોકરિયાત વર્ગને આવક વધારવાની તક મળે. પડવા વાગવાથી સાવધાન રહેવું. માર્કેટીંગ કે કોમ્યુનિકેશનના ધંધામાં લાભ થાય.

**કન્યા (પ.ઠ.ણ.)** સપ્તાહ મિત્રો-વડીલો વગેરેની મદદ અને સલાહથી નવા વેપાર ધંધાની યોજના પાર પડી શકે છે. ધંધામાં આવક વધશે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. નવી જવાબદારીથી પ્રભાવ વધે. શેર બજારમાં કોઇ રોકાણથી લાભ થાય. પ્રેમમાં સહકાર મળે. મિત્રો સાથે મનોરંજન થાય. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું. વિદેશોના કામમાં ગતિ આવે. નવા સંશોધન ક્ષેત્રે સફળતા મળી શકે છે. શુભ સમાચાર મળે.

**તુલા (ર.ત.)** ચાલુ વીકમાં ધાર્મિક પ્રવૃત્તિમાં સક્રિય રહેવાનું બનશે. જીવનસાથીનો સાથ મળે. વિદ્યાર્થીઓને સારાં પરિણામ મળે. ધંધામાં નવા સોદા થાય. મિલકત લે-વેચના સોદા પાર પડે. આવક વધારવાની તક મળે. વહીવટી ક્ષેત્રે સંલગ્ન લોકોને ઉચ્ચ હોદ્દો મળી શકે છે. સંતાનોનો સાથ મળે. તેમના અભ્યાસ કેરિયરમાં મિત્રોની મદદ મળે. પ્રેમ પ્રકરણોમાં તાલમેલ રાખવો પડશે. પ્રવાસમાં મિલન મુલાકાતથી આનંદની અનુભૂતિ વધશે.

**વૃશ્ચિક (ન.ય.)** ચાલુ વીકની શરૂઆતમાં કડવા અનુભવ થાય. માટે હકારાત્મક રહેવું. કોઇની વાતોમાં આર્થિક રોકાણ કરવાનું ટાળવું. જીવનસાથી અને પરિવાર તમારી સમસ્યાના ઉકેલમાં મદદરૂપ બનશે. ઉચ્ચ શિક્ષણ, કાયદાકાનૂન, લેખન, પ્રકાશન, વિદેશ જેવાં કામમાં ભાગ્યનો સાથ મળશે. અધૂરાં કામમાં ગતિ આવે. સરકારી નોકરિયાતે લાલચ પર કાબૂ રાખવો. પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો સાથે વિવાદ થાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** સપ્તાહ જીવનસાથી સાથે સામાજિક, ધાર્મિક અને કૌટુંબિક કાર્યોમાં પસાર થાય. સાથે નોકરીમાં અનુકૂળતા અને ધંધામાં આવક વધશે. સંતાનોના કેરિયર અને અન્ય પ્રશ્નોનું સમાધાન થઇ શકે છે. આર્થિક બાબતે ઉતાવળમાં રોકાણ કરવું નહીં. નોકર-ચાકરથી સાવધાન. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણી આવી શકે છે. આયાત-નિકાસ અને જાહેરજીવનને લગતાં કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ.જ.)** ચાલુ વીકમાં કાર્યસ્થળ પર ઈર્ષ્યા અને શાંતિ રાખવી. નકારાત્મક લોકોથી દૂર રહેવું. સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. ઉંમરલાયકના વિવાહ થાય. ભાગીદારીની મિટીંગ હકારાત્મક રહેશે. સમાજમાં યશ મળે. રોજની આવકમાં વધારો થાય. આરોગ્યનું ધ્યાન રાખવું. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. વીલ-વારસાના કામમાં કોઇની વાતોમાં આવવું નહીં. પ્રવાસમાં સાવધાન રહેવું.

**કુંભ (ગ.સ.શ.ષ.)** ચાલુ વીકમાં આર્થિક પ્રગતિ થાય. તમારી પ્રામાણિકતાની કદર થાય. પ્રેમમાં અનુકૂળતા રહે. શેર બજારમાં લાભ થઇ શકે છે. સરકારી નોકરીની તક મળી શકે છે. શત્રુઓ અને હિતશત્રુઓથી સાવધાન રહેવું. ખાવા-પીવા પર કાબૂ રાખવો. નોકરીમાં પ્રમોશન મળી શકે છે. સમાજ અને કુટુંબના પ્રશ્નો અશાંતિ વધારશે. સંતાનોના કેરિયરની ચિંતા સતાવે. ઘરમાં મતભેદ રહેવાથી કામમાં વિલંબ થાય. ખર્ચા વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.)** સપ્તાહ મિલકત વસાવવા, ઓફિસ, જમીન, વગેરેની ખરીદીની યોજનામાં અચાનક પ્રગતિ થશે. ઉપરી વર્ગનો સાથ મળે. શેર બજારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ગમતાં પરિણામ મળે. મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. પ્રેમમાં વિશ્વાસ વધશે. સરકારી નોકરિયાતની જવાબદારી અને દોડધામ વધશે. હિતશત્રુઓથી સાવધાન રહેવું. પ્રેમવિવાહની યોજનામાં અચાનક પ્રગતિ થશે. ઉપરી વર્ગનો સાથ મળે. પ્રવાસથી સાવધાન રહેવું. પ્રેમવિવાહની યોજનામાં સહકાર મળે. પ્રવાસ થાય.

# SIR એ મત ચોરીનું સંસ્થાકીયકરણ કરવા માટેનો પ્રયાસ : રાહુલ

**પ્રચારના** અંતિમ દિવસે રાહુલે કિશનગંજ અને પૂર્ણિયામાં રેલીઓ સંબોધી રાહુલ બોલ્યા મોદી, અમિત શાહ ગમે ત્યાં જાય પણ વોટ ચોરી બદલ પકડાઇ જશે


કિશનગંજ, પૂર્ણિયા, પંચમઢી, તા. ૯(પીટીઆઈ): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગમે ત્યાં જઈ શકે છે, પરંતુ તેઓ આખરે તો "મત ચોરી"માં સંડોવાયેલા" પકડાઈ જશે.

ગાંધીએ પ્રચારના અંતિમ દિવસે બિહારના કિશનગંજ અને પૂર્ણિયામાં ચૂંટણી રેલીઓને સંબોધતા એવો પણ આરોપ લગાવ્યો હતો કે ભાજપ અને આરએસએસ રાષ્ટ્રને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે ઈન્ડિયા બ્લોક દેશને એક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. "મોદી, શાહ અને ચૂંટણી પંચ પાસે અમારા 'મત ચોરી' (મત ચોરી) આરોપોનો કોઈ જવાબ નથી, કારણ કે સત્ય હવે લોકોની સામે છે... વડા પ્રધાન, શાહ... ગમે ત્યાં જઈ શકે છે, પરંતુ તેઓ 'મત ચોરી'માં સંડોવાયેલા' પકડાશે," એમ ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખે દાવો કર્યો હતો. "મેં તાજેતરમાં હરિયાણામાં મોટા પાયે 'મત ચોરી'નો પર્દાફાશ કર્યો છે, જ્યાં લગભગ બે કરોડ મતદારો છે, અને જ્યાં મતદાર યાદીમાં લગભગ 25 લાખ ખોટા નામ છે. આજ સુધી, મોદી કે (મુખ્ય ચૂંટણી કમિશનર) જ્ઞાનેશ કુમાર બંનેમાંથી કોઈએ પણ 'રાહુલ ગાંધી જૂઠું બોલી રહ્યા છે' એવું કહેવાની હિંમત કરી નથી," તેમણે કહ્યું. ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જો લોકો ભેગા થાય અને "મત ચોરી" બંધ કરાવે તો "બિહારમાં INDIA બ્લોક 100 ટકા સરકાર બનાવશે".

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) "મત ચોરી" છુપાવવા અને તેનું સંસ્થાકીયકરણ કરવાનો પ્રયાસ છે. મધ્યપ્રદેશના પંચમઢીમાં પત્રકારો સાથે વાત કરતા, ગાંધીએ એમ પણ કહ્યું કે તેમનું માનવું છે કે હરિયાણા જેમ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં પણ "મત ચોરી" થઈ છે. "મત ચોરી એ મુદ્દો છે અને SIR હવે તેને ઢાંકવા અને સિસ્ટમને સંસ્થાકીય બનાવવા માટે છે," એમ કોંગ્રેસના સાંસદે દાવો કર્યો હતો.

# યુક્રેનના હુમલાથી રશિયાના બે મુખ્ય શહેરમાં વીજળી ખોરવાઈ

**ડ્રોન** હુમલાને કારણે વોરોનેઝ અને બેલ્ગોરોડના કેટલાક ભાગોમાં અસ્થાયી રૂપે બ્લેકઆઉટ થયું અને હિટીંગ વ્યવસ્થા પણ ખોરવાઇ



કિવ, તા. 9 (એપી) : સ્થાનિક રશિયન અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે, રાત્રિના સમયે યુક્રેનિયન હુમલાથી યુક્રેનિયન સરહદ નજીકના બે મુખ્ય રશિયન શહેરોમાં વીજળી અને ગરમી વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

રશિયા અને યુક્રેન એકબીજાના ઊર્જા માળખા પર લગભગ દરરોજ હુમલાઓ કરી રહ્યા છે અને લગભગ ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે યુએસની આગેવાની હેઠળના રાજદ્વારી પ્રયાસો આગળ વધ્યા નથી ત્યારે આ અહેવાલ આવ્યો છે.

પ્રાદેશિક ગવર્નર એલેક્ઝાન્ડર ગુસેવે જણાવ્યું હતું કે, ડ્રોન હુમલાને કારણે વોરોનેઝના કેટલાક ભાગોમાં અસ્થાયી રૂપે બ્લેકઆઉટ થયું હતું અને ગરમી બંધ થઈ ગઈ. ગુસેવે કહ્યું કે, લગભગ 10 લાખથી વધુ લોકોની વસ્તીવાળા શહેરમાં રાત્રે ઘણા ડ્રોન ઈલેક્ટ્રોનિક રીતે જામ થઈ ગયા હતા, જેના કારણે સ્થાનિક ઉપયોગિતા સુવિધામાં આગ લાગી હતી, જેના પર ઝડપથી કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

ટેલિગ્રામ પર રશિયન અને યુક્રેનિયન ન્યૂઝ ચેનલોએ દાવો કર્યો હતો કે, હુમલામાં સ્થાનિક થર્મલ પાવર પ્લાન્ટને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું.

સ્થાનિક ગવર્નર વ્યાચેસ્લાવ ગ્લાડકોવે બીજા દિવસે સવારે અહેવાલ આપ્યો હતો કે, શનિવારે મોડી રાત્રે થયેલા મિસાઈલ હુમલાથી બેલ્ગોરોડ શહેરને સપ્લાય કરતી વીજળી અને ગરમી સિસ્ટમને ગંભીર નુકસાન થયું હતું.

ગ્લાડકોવે જણાવ્યું હતું કે, લગભગ 20,000 ઘરો પ્રભાવિત થયા હતા.

## સમસ્યા અને સમાધાન

અમે દક્ષિણ ગુજરાતના હોવાના નાતે 'ગુજરાતમિત્ર' સાથે જન્મજાત નાતો છે. તમારી કોલમ અચૂક વાંચું છું. 1998થી હું મારા પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થયો અને મહેનત અને વડીલોના આશીર્વાદથી હાલ મારી ઘણી જ સારી સ્થિતિ છે. હોટલ-મોટેલ - લિકરના ધંધામાં સારી સફળતાના કારણે ઘણી અહીં અને દેશમાં મિલકતો વસાવી છે. 2015માં ભારતમાં એક આધ્યાત્મિક સંસ્થા સાથે જોડાયા પછી અમારું જીવન એકલવાયા સમાન થઇ ગયું છે. દક્ષિણ ભારતના એક પ્રખ્યાત આશ્રમમાં પરિવાર સાથે પંદર દિવસના આધ્યાત્મિક શિબિરમાં રોકાયો ત્યારે એક સાધક સાથેની મુલાકાત અને પરિચય પછી મેં તેમની ભલામણથી એક ઘણી જ સારી જગ્યા ખરીદી અને પછી અહીં રહેવા આવ્યો અને મોટા ભાગનો સમય ધ્યાન વગેરેમાં પરિવાર સાથે વિતાવતો અને મોટી છોકરીના એક સંતાન સાથે છૂટાછેડા થયા. નાનો છોકરો લગ્ન કરવાની ના પાડે છે અને અમે પરિવાર સમાજથી વિખૂટાં પડી ગયાં. સ્વભાવ બધાનો ચીડિયો થઇ ગયો. ખોટા વિચારો આવે છે અને હવે તો તમામ મિલકત આશ્રમમાં દાન કરવાના બધાને જ વિચાર આવે છે અને ત્યાં જઇને રહેવાની પ્રબળ ઇચ્છા થાય છે પણ માતા-પિતા વગેરેના દબાણના કારણે એવું કરી શકતાં નથી.અમારો ધંધો અત્યારે પણ સારો ચાલે છે. ચારેયની કુંડલી મોકલું છું. કોઈની પણ કોઇ વિગત છાપતા નહીં. આધ્યાત્મિક ઉન્નતિ માટે અમારે આશ્રમમાં જોડાવું જોઈએ? આધ્યાત્મિક પ્રગતિ કે શાંતિના યોગ છે? એક જાતની વિચિત્ર યાતનામાંથી બહાર નીકળવાનો કોઇ રસ્તો છે? ધ્યાન, ધર્મ અને સેવાનો હેતુ પાર પડશે? અમો અમારી રીતે નિર્ણય લેવા સક્ષમ છીએ છતાં લઇ શકતાં કેમ નથી? જયોતિષશાસ્ત્ર પ્રમાણે મોક્ષની સ્થિતિ જાણી શકાય છે. તે વાત સાચી છે?

**જવાબ:** તમારી સ્ટોરીનો અભ્યાસ કરવાથી તમો હિપ્નોટાઇઝ અવસ્થામાં હો એવું લાગે છે. અહીં જગ્યાના અભાવે ચારેય કુંડલીનું વિવરણ કરી શકાય તેમ નથી તો ટૂંકમાં તમારા ચારેયની કુંડલીમાં આધ્યાત્મિક કે ધ્યાનની સ્થિતિની સફળતાના યોગ નથી પણ ભૌતિક સુખના યોગ છે પણ ભોગવી ન શકો અને જે છે તે દેખાય નહીં અને જે નથી કે મળવું મુશ્કેલ છે, તેની પાછળ સમય વેડફવાના યોગ છે. તમારી મેષ લગ્નની કુંડલીમાં બારમે મીનનો રેવતી નક્ષત્રનો રાહુ મોક્ષની વાતમાં રસ જગાડનાર અને એ દિશામાં લઇ જનાર છે પણ તેનો માલિક ગુરુ પાંચમે શુક્રના નક્ષત્રમાં પોતાના સ્થાનથી છઠ્ઠે હોવાથી 2016 થી ગુરુની મહાદશા ચાલુ થઇ અને તમો આ માર્ગમાં ભટકાઇ ગયા. તમારી કુંડળીમાં ચોથા સ્થાનમાં લગ્નેશ અને નીચના મંગળ સાથે શુક્ર, સૂર્ય અને બુધના યોગ ભૌતિક સમૃદ્ધિનો છે પણ બુધ-મંગળની અંશાત્મક યુતિ ગાંડા કરી નાખનાર, ભૂલભરેલા અને ઉતાવળિયા નિર્ણયો તથા કાયમ ઝઘડામાં રાખે છે. પ્રવજ્યા યોગ જે અધ્યાત્મ તરફ નહીં પણ ભૌતિક સગવડ તરફ લઇ જનાર છે. અહીં એક ખાસ ધ્યાન આકર્ષિત વાત એ છે કે તમારી પત્નીની તુલા લગ્નની કુંડલીમાં સાતમે સૂર્ય-શુક્ર અને ભાગ્યમાં કેતુ સાતમે રહેલ સૂર્ય શુક્ર પર ચોથે રહેલ મંગળની દૃષ્ટિ છે. જે પણ અધ્યાત્મ માટે નહીં પણ ભોગ-વિલાસ કે ભૌતિક સુખ બતાવે છે પણ નવમે રહેલ કેતુ એ દિશામાં ભ્રમિત કરે છે. તમારી મોટી પુત્રીની કર્ક લગ્ન આશ્લેષા નક્ષત્ર ગંડાતયુક્ત કુંડલીમાં આઠમે સૂર્ય, મંગળ, શુક્ર અને શનિ પણ પ્રવજયા યોગ કરે છે અને પાંચમે રાહુ અધ્યાત્મ યોગ કરે છે પણ એ દિશામાં સફળતા ન મળે. એ જ રીતે તમારા નાના પુત્રની તુલા લગ્નની કુંડલીમાં બીજે મંગળ-શુક્ર અને પાંચમે કેતુના કારણે ભ્રમિત થાય છે. તમારી કોઈની કુંડલીમાં મોક્ષ માર્ગે આગળ વધવાના યોગ થતા નથી પણ પૂર્વનાં કર્મોને લઇને ભૌતિક સુખ સગવડના યોગ છે. પુત્રનો જન્મ મૂળ નક્ષત્રના બીજા ચરણમાં ગંડાત નક્ષત્રમાં છે અને પુત્રી ગંડાત લગ્નયોગમાં છે જે પણ પૂર્વ જન્મનું કર્મફળ ભોગવવાનું નિર્દેશન કરે છે. મોક્ષ માર્ગ આગળ લઇ જનાર બારમાનો માલિક ગુરુ કેતુ શનિ રાહુ છે જે કોઇ ને કોઇ રીતે પીડિત બને છે. તમારો ગુરુ પણ તે શુક્રના નક્ષત્રમાં છે જયારે બાકીના ત્રણેયનો બારમાનો માલિક બુધ આધ્યાત્મિક ક્ષેત્ર માટે આકર્ષિત કરનાર બને છે પણ પીડિત છે તેમજ ચાર, આઠ, અને બારમા સ્થાન અને તેના માલિક અંતિમ ગતિની સ્થિતિ ડામાડોળ બતાવે છે. તમારી ચારેયની કુંડલીનો અભ્યાસ કરતાં તમો બીજાને અધીન કે પરિસ્થિતિને વશ થઇને જેલ સમાન જીવન જીવવાના યોગ થાય છે. માટે તમો પરિવાર-સગાં સંબંધી-મિત્રો સમાજ વગેરેથી દૂર થઇ ગયાં છો. તેમાં ફક્ત એક વાત પર જ એકબીજાને સહકાર આપો છો અને તે છે તમામ મિલકત આશ્રમમાં દાન આપવા અને ત્યાં ચાલ્યા જવામાં, બાકી તમારામાં કોઇ જ તાલમેળ નથી માટે તમો આધ્યાત્મિક કે ધ્યાન પ્રાર્થનાના પ્રભાવથી ઘણા જ દૂર છો. ટૂંકમાં આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે પ્રથમ તો 2015માં જે રહેઠાણમાં તમો રહેવા ગયા છો ત્યાંથી નીકળીને પાછા તમારા મૂળ રહેઠાણમાં ચાલ્યા જાઓ અને વડીલો-સંબંધી મિત્રો-સમાજ વગેરે સાથે હળવા મળવાનું ચાલુ કરો. વડીલોની સાથે રહો અને તેમની સલાહ માનો. જો આવું કરશો તો એકાદ વર્ષ પછી આ વાતાવરણની અસરમાંથી બહાર આવશો. જો કે એટલું સરળ નથી પણ છતાં ફરક પડશે માટે સૌ પ્રથમ બને તો આજે આ ઘરમાંથી નીકળો. કોઇ પણ જગ્યા જીવનની સફરને અનુકૂળ રસ્તા પરથી મંજીલ સુધી લઈ જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પણ જો તે ગાડીની જેમ ખોટવાઇ જાય તો દળદળમાં ફસાયા પછી ગાડી નીકળતી નથી. તેમાંથી ઊતરી જવું પડે. તમારી કુંડલીમાં આધ્યાત્મિક પ્રગતિ નથી. જો દાન કરવું જ હોય તો પરિવાર સમાજ-વગેરેની જરૂરિયાતમંદની પસંદગી કરો. પણ જયાં કરવા માંગો છો ત્યાં કોઇ મતલબ નથી અને ત્યાં જવાથી ઉધ્ધાર થવાનો નથી. ઉલટા ખરા અર્થમાં આધિન થઇને રહેવું પડશે. જો એ જગ્યા છોડશો તો પરિસ્થિતિ સુધરશે અને સંતાનોને લગ્ન કરવાની ઇચ્છા થશે અને તમને શાંતિનો અનુભવ.

# મુકેશ અંબાણીનું કેરળના ત્રિશુરની હોસ્પિટલ માટે રૂ. 15 કરોડનું દાન

**ત્રિશુર** સ્થિત ગુરુવાયુર મંદિરમાં દર્શન કર્યાં પછી મુકેશ અંબાણીએ સૂચિત હોસ્પિટલ માટે દાન કર્યું



ત્રિશૂર (કેરળ), તા. 9 (પીટીઆઈ) : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ રવિવારે અહીં ગુરુવાયુર શ્રી કૃષ્ણ મંદિરમાં દર્શન કર્યાં હતાં અને પ્રસ્તાવિત દેવસ્વોમ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે નાણાકીય સહાય કરી હતી. ગુરુવાયુર દેવસ્વોમે તેના સત્તાવાર ફેસબુક પેજ પર અંબાણીની મુલાકાતની માહિતી અને ચિત્રો શેર કર્યા હતા.

દેવસ્વોમ અનુસાર, અંબાણી સવારે 7.30 વાગ્યે હેલિકોપ્ટર દ્વારા ગુરુવાયુર પહોંચ્યા હતા, જે શ્રીકૃષ્ણ કોલેજ ગ્રાઉન્ડ પર ઊતર્યા હતા. ત્યાર બાદ તેઓ રોડ માર્ગે મંદિરના દક્ષિણ દરવાજા સુધી ગયા જ્યાં દેવસ્વોમના અધ્યક્ષ ડૉ. વી. કે. વિજયન અને અન્ય સભ્યોએ તેમનું સ્વાગત કર્યું હતું. દેવસ્વોમે જણાવ્યું કે, જાહેર રજા હોવાથી અને ખાસ દર્શન પ્રતિબંધો હોવાથી અંબાણીએ 25 સભ્યો માટે નેવિલાક્કુ વાઝીપડુ (પ્રસાદ) કૂપન સાથે મંદિરમાં પ્રવેશ કર્યો હતો.

## ગાઝામાં મળેલો બંધકનો મૃતદેહ ઇઝરાયેલી સૈનિકનો હોવાનો હમાસનો દાવો

તેલ અવીવ, તા. 9 (એપી) રેડ ક્રોસને રવિવારે ગાઝામાં એક બંધકનો મૃતદેહ મળ્યો છે, જે હમાસે દાવો કર્યો છે કે તે એક ઇઝરાયલી સૈનિકનો મૃતદેહ છે, જે 2014માં માર્યો ગયો હતો અને જે છેલ્લાં 11 વર્ષથી ગાઝામાં બંધક હતો. હમાસે કહ્યું હતું કે, તેને શનિવારે એન્ક્લેવના દક્ષિણી શહેર રફાહમાં એક સુરંગમાં સૈનિક હદર ગોલ્ડિનનો મૃતદેહ મળ્યો હતો. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધનો અંત લાવતા યુદ્ધવિરામ લાગુ થયાના બે કલાક પછી 1 ઓગસ્ટ, 2014 ના રોજ ગોલ્ડિનની હત્યા કરવામાં આવી હતી. મૃતદેહને ઓળખ માટે ઈઝરાયલ અને રાષ્ટ્રીય ફોરેન્સિક સંસ્થામાં ટ્રાન્સફર કરવામાં આવશે. જો મૃતદેહ ગોલ્ડિનનો હોવાનું ઓળખાય છે તો ગાઝામાં બંધકોના ચાર મૃતદેહ બાકી રહેશે.

# અમેરિકામાં સરકારી શટડાઉન ૪૦મા દિવસમાં પ્રવેશ્યું

**ભંડોળો** માટેના બિલોને મંજૂરી અપાવવા ચાલતા પ્રયાસો: જો કે રિપબ્લિકનો-ડેમોક્રેટો વચ્ચેની મડાગાંઠ ઉકેલાતી નથી

વૉશિંગ્ટન, માડ્રિડ, તા. ૯(એપી): સરકારી શટડાઉન લંબાઇને આજે રવિવારે તેના ૪૦મા દિવસમાં પ્રવેશ્યું હતું, જ્યારે કે ફંડિંગ માટેની લડાઇનો અંત લાવવાની આશા સાથે સેનેટરો વીકએન્ડ સેસન માટે વૉશિંગ્ટનમાં જ રોકાયા હતા. શટડાઉને અમેરિકાભરમાં ફ્લાઇટો ખોરવી નાખી છે, લાખો અમેરિકનો માટેની અન્ન સહાય માટે ભય ઉભો કર્યો છે અને ફેડરલ કામદારોને પગાર ચુકવી શકાયો નથી. સેનેટે સપ્તાહાંતમાં શટડાઉનનો અંત લાવવાની દિશામાં થોડીક જ પ્રગતિ અત્યાર સુધીમાં દર્શાવી છે. સરકારના ઘણા ભાગો માટે વર્ષભરના ભંડોળોને મંજૂરી આપતા બિલોને પાસ કરવા માટે રિપબ્લિકનો આશા રાખે છે પરંતુ તેના માટે જરૂરી ડેમોક્રેટોના ટેકાની ખાતરી હજી મળી શકતી નથી. થોડાક જ મત ઓછા પડે છે એમ સેનેટના બહુમતિ નેતા જોહન થ્યુને જણાવ્યું હતું. ડેમોક્રેટીક નેતાઓ હેલ્થ પ્લાન્સ સબસીડીઓને વિસ્તૃત કરવાની માગ કરી રહ્યા છે જ્યારે રિપબ્લિકનોએ આ દરખાસ્ત નકારી કાઢી છે. કેટલાક મધ્યમમાર્ગી ડેમોક્રેટ સેનેટરો ઓબામાકેર સબસીડીઓ પર બાદમાં મતદાન યોજવાના બદલામાં શટડાઉનનો અંત લાવવા માટે તૈયાર હોવાનો સંકેત આપી રહ્યા છે. દરમ્યાન, અમેરિકાના ઈતિહાસનું આ સૌથી લાંબુ શટડાઉન ઘરઆંગણે ઉપરાંત દરિયાપાર આવેલા અમેરિકી લશ્કરી થાણાઓને પણ અસર કરવા માંડ્યું છે.

# શરીફે ફરી ભારત-પાકિસ્તાન સંઘર્ષ ઉકેલવા બદલ ટ્રમ્પનો આભાર માન્યો

ઈસ્લામાબાદ, તા. 9 (પીટીઆઈ) : પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે મે મહિનામાં ભારત-પાકિસ્તાન સંઘર્ષ ઉકેલવા બદલ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફરી એકવાર આભાર માન્યો છે.

નવી દિલ્હી સતત કહી રહ્યું છે કે, ચાર દિવસના તીવ્ર સરહદ પાર ડ્રોન અને મિસાઈલ હુમલા પછી ભારત અને પાકિસ્તાન 10 મેના રોજ સંઘર્ષનો અંત લાવવા માટે સમજૂતી પર પહોંચ્યા હતા અને આ પ્રક્રિયામાં કોઈ તૃતીય પક્ષ સામેલ નહોતો.

શરીફે શનિવારે બાકુમાં અઝરબૈજાનની વિજય દિવસ પરેડને સંબોધતાં કહ્યું, ''રાષ્ટ્રપતિ ટ્રમ્પના સાહસિક અને નિર્ણાયક નેતૃત્વના કારણે પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધવિરામ થયો, દક્ષિણ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત થઈ, એક મોટું યુદ્ધ ટળી ગયું અને લાખો લોકોને બચાવ્યા.''

10 મે બાદથી જ્યારે ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે વોશિંગ્ટનની મધ્યસ્થીથી એક લાંબી રાતની વાટાઘાટો પછી ભારત અને પાકિસ્તાન સંપૂર્ણ અને તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા છે ત્યારે ટ્રમ્પે ઘણી વખત પોતાનો દાવો પુનરાવર્તિત કર્યો છે કે તેમણે બંને દેશો વચ્ચેના તણાવને સમાધાન કરવામાં મદદ કરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### મુનીરને સત્તાઓ...

(CJCSC) પદને નાબૂદ કરવા અને ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ નામનું નવું ટાઇટલ રજૂ કરવાનો સમાવેશ થાય છે. અન્ય દરખાસ્તોમાં ફેડરલ બંધારણીય અદાલતની સ્થાપના અને ઉચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયામાં સુધારાનો સમાવેશ થાય છે. તેનો હેતુ સુપ્રીમ કોર્ટની સત્તાઓ ઘટાડવાનો પણ છે, જેમાં કેટલીક સત્તાઓ પ્રસ્તાવિત બંધારણીય અદાલતમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે, અને રાષ્ટ્રપ્રમુખને આજીવન ફોજદારી કાર્યવાહીથી મુક્તિ આપવામાં આવી છે. કાયદા પ્રધાન આઝમ નઝીર તરારએ શનિવારે ઉપલા ગૃહ સેનેટમાં સુધારો રજૂ કર્યો હતો અને ગૃહના અધ્યક્ષ રઝા ગિલાનીએ મતદાન માટે તેને ગૃહ સમિતિમાં ચર્ચા માટે મોકલ્યો હતો. સમિતિના અધ્યક્ષ ફારૂક નાઈકે મીડિયાને જણાવ્યું હતું કે તેઓ સભ્યોમાં સર્વસંમતિ બનાવીને કાર્ય પૂર્ણ કરશે. સોમવારે મતદાન યોજાશે ત્યારે સરકારને ઓછામાં ઓછા 64 સેનેટરોની બે તૃતીયાંશ બહુમતી મળવાની આશા છે. સેનેટ પછી, તેને રાષ્ટ્રીય સભા સમક્ષ રજૂ કરવામાં આવશે, જ્યાં તેને ફરીથી બે તૃતીયાંશ બહુમતી પસાર કરવી પડશે. અંતિમ તબક્કામાં, તેને કાયદો બનવા માટે રાષ્ટ્ર પ્રમુખની મંજૂરી મેળવવી પડશે. બહુપક્ષીય વિપક્ષી ગઠબંધન, તહરીક-એ-તહાફુઝ અયીન-એ-પાકિસ્તાન (TTAP) એ સુધારા સામે દેશવ્યાપી વિરોધ આંદોલનની જાહેરાત કરી છે. "પાકિસ્તાનમાં લોકશાહી સંસ્થાઓ લકવાગ્રસ્ત થઈ ગઈ છે. રાષ્ટ્રએ 27મા સુધારાના વિરોધમાં આગળ વધવું જોઈએ, મજલિસ વહદત-એ-મુસ્લિમીન (MWM) ના વડા રાજા નાસિરે એક નિવેદનમાં જણાવ્યું હતું.

### ISISના ત્રાસવાદીઓનું...

જીવતા કારતૂસ અને 4 લીટર જેટલું કાસ્ટર ઓઈલ ભરેલી બોટલ મળી આવી હતી. આરોપીઓએ લખનૌ, દિલ્હી અને અમદાવાદમાં અનેક સંવેદનશીલ સ્થળોની રેકી કરી હતી, એમ એટીએસના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવેલી વિગતો મુજબ , ડૉ અહમદ મોહિયુદ્દીન સૈયદ એક મોટા આતંકી હુમલા માટે તૈયારી કરી રહ્યો હતો. તેના કહેવા મુજબ તે હથિયારો કલોલ નજીકના એક સ્થળ પરથી મેળવ્યા હતા. તે 'અબુ ખદીજા' નામના વ્યક્તિના સંપર્કમાં હતો, જે અફઘાનિસ્તાનનો રહેવાસી છે અને ISIS-K (Islamic State Khorasan Province) સંગઠન સાથે જોડાયેલ છે. અહમદના પાકિસ્તાન સાથેના કેટલાક સંપર્કો પણ હોવાના પુરાવા ATSને મળ્યા છે. સૈયદે પુછપરછમાં સ્વીકાર્યું છે કે તે "રાઈજિન" નામના કોડવર્ડથી એક આતંકી ત્રાસવાદી ટીમ બનાવી રહ્યો હતો. હુમલામાં ઉપયોગ માટે જરૂરી રસાયણો, સાધનો અને પ્રાથમિક કેમિકલ પ્રોસેસની ખરીદી પણ શરૂ કરી હતી. અહમદે ચીનથી MBBSની ડિગ્રી મેળવી છે અને તે પેશેથી ડોક્ટર છે. ડૉ અહેમદની પુછપરછ બાદ તેના મોબાઈલ ડેટા અને કૉલ રેકોર્ડની ટેક્નિકલ તપાસના આધારે પોલીસએ ઉત્તરપ્રદેશના બે જેહાદ્દી સાગરિતો – આઝાદ સુલેમાન શેખ (ઉંમર 20, કૈરાના, શામલી) અને મોહમ્મદ સહુલ મોહમ્મદ સલીમ ખાન (ઉંમર 23, લખીમપુર ખીરી)ને પણ બનાસકાંઠાથી ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસમાં ખુલ્યું છે કે આ બંનેએ રાજસ્થાનના હનુમાનગઢમાંથી શસ્ત્રોનો જથ્થો લાવ્યા હતા અને તેઓ લખનૌ, દિલ્હી અને અમદાવાદની સંવેદનશીલ જગ્યાઓની રેકી કરી ચૂક્યા હતા. પ્રારંભિક પૂછપરછમાં જેહાદ્દીઓએ સ્વીકાર્યું છે કે હથિયારો પાકિસ્તાન બોર્ડર પરથી ડ્રોન મારફતે મોકલાવવામાં આવ્યા હતા. ATSએ ત્રણેય આરોપીઓ સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી અહમદ મોહિયુદ્દીન સૈયદને કોર્ટમાં રજુ કરતા એટીએસને તા. 17 નવેમ્બર સુધી રિમાન્ડ મંજૂર થયો છે. અબુ ખદીજાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેની શોધ ચાલુ છે.

### આંદામાન...

કેટલાક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, પરંતુ કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાનના તાત્કાલિક અહેવાલ નથી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું હતું કે ભૂકંપ બપોરે 12.06 વાગ્યે આવ્યો હતો અને ભૂકંપની ઊંડાઈ 90 કિમી હતી. જો કે, આંદામાન અને નિકોબાર ટાપુઓના મુખ્ય સચિવ ડો. ચંદ્ર ભૂષણ કુમારે જણાવ્યું હતું કે, "9 નવેમ્બરના રોજ બપોરે 12.08 વાગ્યે 5.7 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ઉત્તર અને મધ્ય આંદામાનમાં માયાબંદર, રંગત અને તેની આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અમે સંબંધિત તમામ એજન્સીઓને ચેતવણી આપી છે, અને માનક પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે." તેમણે જણાવ્યું હતું કે પ્રદેશમાં ઘણી ટીમો ભૂકંપની ગતિવિધિઓનું સક્રિયપણે નિરીક્ષણ કરી રહી છે. "સાવચેતીના પગલાં તરીકે, અમે પ્રવાસીઓ અને માછીમારોને સમુદ્રમાં ન જવાની સલાહ અપાઇ છે," એમ તેમણે જણાવ્યું હતું. ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં બેરન ટાપુથી ૯૬ કિલોમીટર ઉત્તરમાં હતું. ભારતમાં એકમાત્ર સક્રિય જ્વાળામુખી તરીકે જાણીતો બેરેન ટાપુ, પોર્ટ બ્લેરથી દરિયાઇ માર્ગે લગભગ ૧૪૦ કિમી દૂર છે.

### જાપાનના કાંઠે શક્તિશાળી...

સ્થળોએ પાણી 3 મીટરની ઉંચાઇ સુધી જઇ શકે છે. ઈવાટે પ્રીફેક્ચરના ઓફુનાટો શહેર, ઓમિનાટો બંદર, મિયાકો અને કામાઇશીમાં લગભગ 10 સેમીની સુનામી જોવા મળી હતી, અને ત્યારબાદ કુજીના દરિયાકાંઠાના વિસ્તારમાં 20 સેમી જેટલી ઊંચી સુનામી જોવા મળી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર ઓફુનાટોમાં પણ સુનામી 20 સેમી સુધી પહોંચી હતી. ભૂકંપ પછી આવતા સુનામી મોજા થોડા કલાકો સુધી ચાલુ રહી શકે છે, વારંવાર દરિયાકાંઠે અથડાતા રહે છે, અને સમય જતાં તે મોટા થઈ શકે છે. જ્યારે આ માર્ગદર્શિકા અમલમાં હતી, ત્યારે લોકોને સમુદ્ર અને દરિયાકાંઠાના વિસ્તારોથી દૂર રહેવાની ચેતવણી આપવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે આ વિસ્તારમાં વધુ ધ્રુજારી આવી શકે છે. પ્રારંભિક ભૂકંપના લગભગ ત્રણ કલાક પછી સુનામીની સલાહ પાછી ખેંચી લેવામાં આવી હતી, પરંતુ હવામાન એજન્સીએ પત્રકારોને જણાવ્યું હતું કે આ વિસ્તાર લગભગ એક અઠવાડિયા સુધી, ખાસ કરીને આગામી બે કે ત્રણ દિવસ સુધી, મજબૂત ભૂકંપોનો ભય રહેલો છે.

### સમગ્ર કાશ્મીર ખીણમાં...

અધિકારીએ જણાવ્યું હતું કે એક મહિલા સહિત નવ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી છે. "સિમ કાર્ડ અને મોબાઈલ ફોનથી લઈને ટેબ્લેટ અને વિવિધ ડિજિટલ ઉપકરણો સુધીના ગુનાહિત પુરાવાઓનો જથ્થો ફોરેન્સિક તપાસ માટે જપ્ત કરવામાં આવ્યો છે," તેમણે કહ્યું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી સામગ્રીમાંથી મહત્વપૂર્ણ પુરાવા મળવાની અપેક્ષા છે, જેનાથી વધુ તપાસ અને વધારાની અમલીકરણ કાર્યવાહીનો માર્ગ મોકળો થશે. કાશ્મીરમાં ત્રાસવાદી ઈકોસિસ્ટમ પર ત્રાટકવાની કામગીરી સઘન બનાવતા કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીર(સીઆઈકે)એ આજે ખીણના છ જિલ્લાઓમાં વિવિધ સ્થળે દરોડાઓ હાથ ધર્યા હતા. ત્રાસવાદી ઓપરેટિવો દ્વારા સીમ કાર્ડ્સના દુરુપયોગના સંદર્ભમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી એવી માહિતી અધિકારીઓ તરફથી મળી હતી. "રાષ્ટ્રવિરોધી તત્વો અને આતંકવાદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકો દ્વારા સિમ કાર્ડના દુરુપયોગની તપાસના ભાગ રૂપે CIK સમગ્ર કાશ્મીર ખીણમાં શોધખોળો કરી રહ્યું છે," એમ અધિકારીઓએ જણાવ્યું હતુ. કુલગામ, કુંઝર, પુલવામા, ગાંદરબલ, કુપવાડા, શ્રીનગર અને શોપિયાન જિલ્લામાં દરોડાઓની કામગીરી હાથ ધરવામાં આવી હતી. CIK જમ્મુ અને કાશ્મીર પોલીસ હેઠળ એક વિશેષ આતંકવાદ વિરોધી એકમ છે.

### શાંઘાઈ-દિલ્હી...

કે, શાંઘાઈ-દિલ્હી રૂટને બે મુખ્ય આર્થિક કેન્દ્રોને જોડતો મુખ્ય કોરિડોર માનવામાં આવે છે અને તે વેપાર, અર્થતંત્ર અને સંસ્કૃતિમાં વિનિમયને વેગ આપશે તેવી અપેક્ષા છે. 26 ઓક્ટોબરના રોજ કોલકાતાથી ગુઆંગડોંગ પ્રાંતના ગુઆંગઝુ ખાતે ઈન્ડિગો વિમાન ઉતરાણ કરીને ભારત અને ચીનની મુખ્ય ભૂમિ વચ્ચે ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ હતી, જેનાથી 2020માં કોવિડ-19 રોગચાળા સાથે શરૂ થયેલા વિરામનો અંત આવ્યો હતો. પૂર્વી લદ્દાખમાં બંને દેશો વચ્ચે લશ્કરી ગતિરોધને કારણે સેવાઓ પુનઃસ્થાપિત થઈ ન હતી, જે ગયા વર્ષે ઓક્ટોબરમાં સમાપ્ત થયો હતો.

### દિલ્હીમાં વધતા પ્રદૂષણ...

અધિકાર પણ પૂરો પાડવામાં નિષ્ફળ ગઈ છે. અભિષેકે કહ્યું, ''ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના કાર્યકાળ દરમિયાન દિલ્હી ગ્રીન કેપિટલ તરીકે જાણીતું હતું. આજે, તે વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોમાં સ્થાન ધરાવે છે. રાજકારણીઓ જવાબદારી લેવાને બદલે એકબીજા પર દોષારોપણ કરતા રહે છે.'' પોલીસના જણાવ્યા અનુસાર, પરવાનગી વિના ભેગા થવા બદલ ઘણા પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.

### સુરતમાં આઠ બોલમાં...

બેટિંગ બાદ આકાશે નવા બોલથી બોલિંગ કરી હતી અને એક વિકેટ પણ ઝડપી હતી. અરુણાચલ પ્રદેશની ટીમ પ્રથમ દાવમાં 73 રનમાં ઓલઆઉટ થતાં તેને ફોલોઓન આપવામાં આવ્યું હતું તેમાં પણ તે 3 વિકેટે 29 રન પર સંઘર્ષ કરી રહ્યું છે.

**નામ બદલેલ છે.**
મારું જુનુ નામ **પટેલ જીત મણીભાઈ** હતું. જે નામ બદલીને નવું નામ **પટેલ જીત મણીલાલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ. પટેલ જીત મણીલાલ
સરનામું : ૯, આરાધના નગર, આંનદ મહલ રોડ, નુવયુગ કોલેજ પાસે, અડાજણ, સુરત.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI
ટેક્ષટાઈલ માર્કેટ શાખા : બીજો મેઝનાઈન માળ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ ફોન. : ૦૨૬૧-૨૩૨૧૮૦૩, ૨૩૫૭૨૧૯
email : textilemarket.Vadodara@bankofindia.co.in
**સુધારો**
આથી તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં છપાયેલ તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ ની ડિમાન્ડ નોટીસ ૧૩(૨) ના સંદર્ભમાં જણાવવાનું કે નોટીસ ના અંતમાં છપાયેલ તારીખ ૨૦/૦૯/૨૦૨૩ ભુલ અને શરતચુકથી ખોટી છપાયેલ છે. જે સુધારીને ખરી તારીખ ૨૭/૦૯/૨૦૨૪ વાંચવી. આ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.
તા.૧૦.૧૧.૨૦૨૫ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા